# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PREZ DHOLAVIRA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે કચ્છના ખડીર બેટ સ્થિત પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી. ધોળાવીરાના ગ્રામ પંચાયતના સરપંચ જિલુભા સોઢાએ રાષ્ટ્રપતિનું સ્વાગત કરતા પારંપરિક કચ્છી શાલ ભેટ આપી હતી. જિલુભા સોઢાએ રાષ્ટ્રપતિની મુલાકાતથી ધોળાવીરાના પર્યટન ઉદ્યોગને નવી દિશા મળશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ : જિલુભા સોઢા, સરપંચ)

શ્રીમતી મુર્મુએ પ્રાચીન માનવ સભ્યતાના તબક્કાવાર વિકાસ તેમજ શ્રેષ્ઠ નગર આયોજન વિશે જાણકારી મેળવી હતી. મુલાકાત દરમિયાન શ્રીમતી મુર્મુએ હડપ્પન સંસ્કૃતિ , રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની અદ્ભુત વ્યવસ્થા તેમજ વિશાળ દીવાલો વિશે વિગતવાર માહિતી મેળવી હતી. મુલાકાતના અંતમાં રાષ્ટ્રપતિશ્રીએ ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઇટના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# ASHWINI VAISHNAV AHMEDABAD

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે અમદાવાદ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી અને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું. આ પ્રસંગે શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે જાહેર વિનંતીઓને પગલે સ્ટેશનની ડિઝાઇનમાં વારસાગત તત્વોનો સમાવેશ કરવા માટે સુધારો કરાયો છે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે ગુજરાતનું સાંસ્કૃતિક પ્રતીક 'તોરણ' જેવી મુખ્ય સુવિધાઓ પ્રવેશદ્વાર પર સામેલ કરાશે . પુનર્વિકાસની કામગીરી અંગે વધુ માહિતી આપતા શ્રી વૈષ્ણવે આ મુજબ જણાવ્યું.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ- કેન્દ્રીય રેલવે મંત્રી)

આ પ્રસંગે શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે ગુજરાતમાં અત્યાર સુધીમાં 97 ટકા રેલ્વે લાઇનનું વીજળીકરણ થયું છે અને ખૂબ જ ટૂંક સમયમાં ગુજરાતમાં 100 ટકા વીજળીકૃત રેલવે લાઇનો હશે.

દરમિયાન શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે દાહોદ સ્થિત રેલવે એન્જિન ઉત્પાદન પ્લાન્ટ પૂર્ણ થવાના આરે છે અને ટૂંક સમયમાં તેનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ- કેન્દ્રીય રેલવે મંત્રી)

શ્રી વૈષ્ણવ આણંદ રેલવે સ્ટેશન ખાતે ટ્રેક બાંધકામ બેઝ અને આણંદ હાઈસ્પીડ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું હતું. બપોર બાદ , શ્રી વૈષ્ણવ દાહોદ રેલવે સ્ટેશનની મુલાકાત લઈ, લોકોમોટિવ રોલિંગ સ્ટોક વર્કશોપના ચાલી રહેલા કાર્યનું પણ નિરીક્ષણ કરશે.

. . . . . . . . . .

# EK PED MAA KE NAAM

'એક પેડ મા કે નામ ' અભિયાન અંતર્ગત ગુજરાત 17 કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે રહ્યું છે. 'એક પેડ મા કે નામ ' અભિયાન વિશે માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ આમ જણાવ્યું હતું. શ્રી બેરાએ ઉમેર્યું કે આ અભિયાન હેઠળ ભારતે અત્યાર સુધીમાં કુલ 121 કરોડથી વધુ વૃક્ષો વાવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે. જેમાં સૌથી વધુ 39 કરોડ વૃક્ષારોપણ સાથે ઉત્તરપ્રદેશ દેશમાં પ્રથમ ક્રમે છે. વધુ વિગતો આપતા વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે રાજ્યમાં સૌથી વધુ 2 કરોડ 94 લાખ વૃક્ષારોપણ સાથે કચ્છ જિલ્લો પ્રથમ રહ્યો છે. આ સિવાય વન્યજીવો માટે મહત્વપૂર્ણ એવી 'મિષ્ટી' યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં 19 હજાર 20 હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રૂવ વાવેતર સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે.

. . . . . . . . . . . . .

# BANASKANTHA ROPE WAY

બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજીના ગબ્બર ખાતે રોપ-વેની સુવિધા 6 દિવસ માટે બંધ રહેશે. બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે સમારકામને લઈને તારીખ ૩ માર્ચ થી ૮ માર્ચ સુધી રોપ -વે સુવિધા બંધ રહેશે. તારીખ ૯ માર્ચથી રોપ-વે સુવિધા રાબેતા મુજબ શરૂ રહેશે.

. . . . . . . . . . . . .

# MEHSANA PRAKRUTIK KHET BAJAR

મહેસાણા જિલ્લામાં ધોબીઘાટ વિસ્તારમાં ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે દર ગુરુવારે પ્રાકૃતિક ખેત પેદાશોનું બજાર ભરાય છે. અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે આ બજારમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત કરાયેલા ફળો અને શાકભાજીનું વેચાણ કરે છે. આ વખતે ખેડૂતોએ 40 હજાર રૂપિયાના ફળોનું વેચાણ કર્યું હતું. આત્મા પ્રોજેકટના અધિકારીએ જણાવ્યું હતું કે હવે તાલુકા કક્ષાએ આવા પ્રાકૃતિક પેદાશોના વેચાણ કેન્દ્રો શરૂ કરાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................